અમરાપુરામાં સોમવારથી આરઓ પ્લાન્ટના શુદ્ધ પાણીના એટીએમનો પ્રારંભ

પાણીનું ATM ધરાવતું રાજ્યનું પ્રથમ ગામ બનશે અમરાપુરા

» નેધરલેન્ડ સરકારના સહયોગથી મળેલા પાણીના એટીએમને જોવા ગ્રામજનો ઉમટ્યાં

નવગુજરાત સમય > ગાંધીનગર

માણસા તાલુકાના અમરાપુરા ગામમાં સોમવારથી આરઓ પ્લાન્ટના શુદ્ધ પાણીના એટીએમનો પ્રારંભ કરવામાં આવશે. ત્યારે પાણીનું ATM ધરાવતું અમરાપુરા ગામ રાજ્યનું પ્રથમ ગામ બનશે. નેધરલેન્ડ સરકારના સહયોગથી ખાસ તૈયાર કરાયેલા પાણીના એટીએમનું આજે ગામમાં આગમન થયુ હતું. ત્યારે પાણી સમિતિની બહેનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં એટીએમ જોવા માટે ઉમટી પડ્યા હતાં. વોટર સેક્ટર સાથે સંકળાયેલી નેધરલેન્ડની સામાજિક સંસ્થા અને નેધરલેન્ડ સરકારના સહયોગથી અમરાપુરા ગામમાં ગત માર્ચ માસમાં અદ્યતન આરો પ્લન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવ્યો હતો. તે પછી નેધરલેન્ડની કપનીના સીઓ માર્ટીન દ્વારા તૈયાર કરાવાયેલુ પીણીનું એટીએમ ૩૦મી એપ્રિલને સોમવારે ઈન્સ્ટોલ કરવામાં આવશે. તે માટેની તમામ તૈયારીઓ થઈ ચૂકી હોવાનું ગામના સરપંચ નરસિંહભાઈ ચૌધરીએ જણાવ્યુ હતું.

જિલ્લામાં સૌ પ્રથમ સ્વચ્છ ગામ તરીકે પ્રસિધ્ધ થયેલા અમરાપુરાના વતની અને જિલ્લા પંચાયતના સભ્ય શંકરભાઈ ચૌધરીએ ગામને આધૂનિક સુવિધા આપવાનું બીડુ ઝડપ્યુ હતું. તેના પ્રતાપે આજે અમરાપુરામાં વાઈફાઈ, ગટર લાઈન, આરસીસીના રસ્તા, સમગ્ર ગામમાં એલઈડી લાઈટ અને છેલ્લા એક વર્ષથી ગામના તમામ મુખ્ય સ્થળો અને તમામ શેરીઓ તેમજ રસ્તા ઉપર સીસી ટીવી કેમેરા બાજ નજર રાખી રહ્યાં છે.

અમરાપુરાથી પ્રભાવિત થયેલુ નેધરલેન્ડ સરકારનું પ્રતિનિધિ મંડળ આજથી ૬ માસ પહેલા ગામની મુલાકાતે આવ્યુ હતું. ત્યારે મહિલા સંચાલિત પાણી સમિતિની બહેનોએ ગ્રામજનોને શુધ્ધ પાણી પુરૂ પાડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારે વિદેશી પ્રતિનિધિ મંડળે નેધરલેન્ડમાં ઉત્પાદિત થયેલો શ્રેષ્ઠ આરો પ્લાન્ટ ભેટ સ્વરૂપે આપવા કાતરી આપી હતી. દરમિયાન ગત માર્ચમાં ગામમાં વિદેશથી આરોપ્લાન્ટ આવ્યો હતો. તે પછી નેધરલેન્ડ સરકારની સ્માર્ટ વોટર સિસ્ટમ સંભાળતા મી.માર્ટીન આરોપ્લાન્ટ ઈન્સ્ટોલ કરી પાણીના એટીએમની સુવિધા પણ ઉભી કરવા પ્રયાસ કર્યો હતો. તે પ્રયાસ સોમવારે સાકાર થશે. લેધરલેન્ડની સંસ્થાના પ્રોજેક્ટ મેનેજર જગદીશ વાઘેલાએ જણાવ્યુ કે ગામની બે વ્યક્તિને આરઓ પ્લાન્ટ ઓપરેટ કરવાની ટ્રેઈનીંગ આપવામાં આવી છે અને પાણીના પેસાથી પ્લાન્ટની મરામતનો ખર્ચ નીકળશે.

70 પૈસામાં એક લીટર

આરોપ્લાન્ટ સાથે પાણીનું ATM ફીટ કરાશે. તેમાં બેંકના એટીએમ જેવુ રિચાર્જ કરેલુ કાર્ડ નાંખવાથી પાણી નીકળશે. એક લીટરનો ભાવ ૭૦ પૈસા નક્કી કરાયો છે. કોઇને ૫ લીટર પાણી જોઇએ તો તેના કાર્ડમાંથી ૩.૩.૫૦ પૈસા કપાઇ જશે અને ATMના નળમાંથી પાંચ લીટર શુધ્ધ પાણી આવશે. સરપંચે જણાવ્યું કે ૩૫૦ મકાન ધરાવતા અમરાપુરામાં ૨ હજારની વસતી છે અને ગામની તમામ વ્યક્તિ બેંકનું ATM કાર્ડ ધરાવતી હોઇ તમામ ઘરને પાણીના એટીએમનું કાર્ડ આપવામાં આવ્યુ છે.